ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



સૌજન્ય મુલાકાત - ગુજરાતમાં મુખ્યમંત્રી પદે પુનઃ વરણી પામેલ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદિ મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી... આ ઉપરાંત ગૃહમંત્રી અમીતભાઈ શાહ અને રક્ષામંત્રી રાજનાથસિંહની પણ સૌજન્ય મુલાકાત લીધી હતી...

# મનપા કચેરીમાં સ્મોક સાયલેન્સરમાં સ્મોક પકડાતાં સાયરન રણકી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે સવારે ઓફિસ શરૂ થવાના સમયે જ એકાએક ફાયર એલાર્મ શરૂ થઈ જતાં મનપાની કચેરીમાં દોડધામ મચી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે મનપાની કચેરીમાં સવારે આવ્યા પછી કેટલાક કર્મચારીઓ દ્વારા ધૂપ અને દીવાબત્તી કરવામાં આવતા હોય છે. આજે પણ આવુ જ થયુ હતુ પરંતુ ધુમાડો સ્મોક સાયલેન્સરમાં આ ધુમાડો પકડાતાં સાયરન વાગવા લાગી હતી.

આથી કચેરીના આગળના ભાગમાં જ બેસતી ફાયર સર્વિસની કચેરીનો સ્ટાફ દોડી આવ્યો હતો અને આવતાંની સાથે જ કાઈ મોટી દુર્ઘટના બને તે પૂર્વે જ સરકીટમાંથી વાયર કાપી નાખવામાં આવ્યા હતા અને પછી તુરત જ આ સ્મોક ક્યાં છે તે શોધવામાં આવી હતી.

જો કે આ સ્મોક દીવાબત્તી અને ધૂપની જ હોવાની ખાત્રી થતાં સૌના શ્વાસ નિયમિત થયા હતા.

ગાંધીનગર મનપામાં આજે આ ઘટના આખો દિવસ ચર્ચાતી રહી હતી. ફાયર સત્તાવાળાઓએ આ અંગે મૌન ધારણ કરી લીધુ છે પણ જે રીતે આ સાયરન વાગી તે પછી હવે તંત્ર વધુ સતર્ક બન્યુ છે.

ગાંધીનગર મનપાની નવી કચેરીની આ પ્રથમ ઘટના હોવાથી કર્મચારીઓમાં પણ કૌતુકતા વધી જવા પામી હતી. થોડી મિનિટોની દોડધામે તંત્રમાં પણ ચિંતાની લાગણી પ્રસરાવી દીધી હતી.

# ૧લી જાન્યુઆરીથી જિલ્લાની કચેરીઓ પેપરલેસ થશે

## જિલ્લાઓમાં તાલિમનો ધમધમાટ : ઈ.સરકાર પોર્ટલ પર સરકારી વહીવટ ચાલશે; પ્રાયોગિક સફળતા બાદ સરકારનો મહત્વનો નિર્ણય : આજે જિલ્લા પંચાયતના કર્મચારીઓને તાલિમ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકાર દ્વારા આગામી ૧લી જાન્યુઆરીથી વહીવટીય ક્રાંતિનો આરંભ થશે. રાજ્ય સરકારની કચેરીઓ ઉપરાંત જિલ્લાની કચેરીઓમાં હવે ઈ.સરકાર પોર્ટલ પર જ વહીવટીય કામગીરી હાથ ધરાશે અને પેપરલેસ રોક્રેટરીએટ તેમજ પેપરલેસ એડમીનીસ્ટ્રેશનનો પ્રારંભ નવા વર્ષથી થશે.

રાજ્યના મુખ્યમંત્રી પદે બીજીવાર હોદ્દો સંભાળ્યા પછી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારનો આ મહત્વનો નિર્ણય છે. આ નિર્ણયના અમલીકરણ પહેલાં સરકારે કેટલાક વિભાગો અને કેટલાક ખાતાકીય વડાઓની કચેરીમાં આ પોર્ટલ પર કામગીરી શરૂ કરી હતી અને તેના સારા પરિણામો મળ્યા બાદ સરકારે હવે ૧લી જાન્યુઆરીથી આ નિર્ણય રાજ્યસ્તરે અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગે જિલ્લાકક્ષાએ આ અંગે ૩૧મી ડિસેમ્બર સુધીમાં તાલિમ આપવાનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે આ પોર્ટલ પર કામગીરી કેવી રીતે કરવી તેને લઈ વિશેષ તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે તાલિમ આપવા માટે ખાસ ટીમ આવશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર પોર્ટલ પર ફાઈલ સમમીશન, ફાઈલ ક્રિએશન સહિતની તાલિમ આપવામાં આવશે.

આ પોર્ટલના ઉપયોગથી ફાઈલોના નિકાલની ઝુંબેશ ઝડપી બનશે એટલુ જ નહિ વહીવટીતંત્ર વધુ લોકાભિમુખ બનશે.

સચિવાલયના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ પ્રથાના સંપૂર્ણ અમલીકરણ સાથે ફાઈલ થોડાક સમય સુધી અલગથી રજુ કરવાની કાર્ય પદ્ધતિ પણ અમલી રાખવામાં આવશે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રથમ સચિવાલય અને જિલ્લાકક્ષાએ આ પ્રથા અમલી બનાવ્યા પછી તાલુકાકક્ષાએ પણ તેનો અમલ શરૂ કરવામાં આવશે.

આ માટેની તાલિમો સતત આપવામાં આવશે. જિલ્લામાં મહેસુલી વિભાગ માટે અલગ

● અનુસંધાન પાન-૭ પર

### સર્વર ડાઉન થવાની; નેટવર્કને લઈ પોર્ટલ ઠપ્પ થતી હોવાથી સરકાર વાકેફ છે

ગાંધીનગર, તા. ૨૧

ઈ.સરકાર પોર્ટલની સેવાઓ વારંવાર ઠપ્પ થઈ જવાની બાબત, નેટવર્ક નહિ મળતુ હોવાનું તેમજ સર્વર ખુબ ધીમી ગતિએ ચાલતુ હોવાની ફરિયાદો સરકારના ધ્યાને આવી છે.

આ માટે સર્વરની ક્ષમતા વધારવા માટે તેમજ નેટવર્કની સમસ્યાના ઉકેલ માટેના તકનીકી પ્રયાસો પણ આરંભી દેવાયા છે.

હવે રાજ્યમાં 5G અમલી થઈ જતાં નેટવર્કની સમસ્યા બહુ નહિ રહે તેવો વિશ્વાસ સરકારી સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. આ માટે જિલ્લાની કચેરીઓમાં નવા કોમ્પ્યુટરની ખરીદી સહિતની મંજૂરીઓ પણ ઝડપથી આપવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લામાં વિકાસ કામોમાં ધીમી ગતિના અમલીકરણથી પંચાયત પ્રમુખ સખ્ત નારાજ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે જિલ્લામાં વિકાસના કામોની ગતિને લઈ સખ્ત નારાજગી અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરી છે.

૧૫મા નાણાંપંચ તેમજ પંચાયતની વિવિધ ગ્રાન્ટોમાંથી ચાલી રહેલા વિકાસ કામોની સર્વગ્રાહી સમીક્ષા માટે આજે તેમણે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓની બેઠક બોલાવી હતી. જેમાં વિકાસના કામોની ધીમી ગતિ જણાઈ આવી હતી.

આજની સમીક્ષા બેઠકમાં ૨૦-૨૧ અને ૨૧-૨૨ના વિકાસ કામો જે પંચાયતની સ્વભંડોળ અને રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાથ ધરવાના થાય છે તે હજુ પણ અધુરા અને પ્રગતિ હેઠળ હોવાનું ચિત્ર ઉપસી આવ્યુ હતુ. ૨૦-૨૧ના કામો હજુ પ્રગતિ હેઠળ હોવાનું જણાતાં જ તેમણે તંત્રના ઉદાસીન વલણને લઈ નારાજગી વ્યક્ત કરી માર્ચ-૨૩ પહેલા આ કામો પૂર્ણ કરવા માટે કડક તાકીદ કરી છે.

તેમણે વહીવટીય મંજૂરી અને તકનીકી મંજૂરી ઝડપથી મળે એટલુ જ નહિ પણ નિયત કરાયેલ સમય મર્યાદામાં જ કામ પૂર્ણ થાય તે જોવા જણાવ્યુ હતુ. ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની છુટછાટ ચલાવી લેવાશે નહિ તેમ સ્પષ્ટ તેમણે કહ્યુ હતુ.

૧૫મા નાણાં પંચના વીજળીના કામો માટે જી.ઈ.બી. સત્તાવાળાઓ સાથે તાકીદે બેઠક યોજવા તંત્રને જણાવ્યુ હતુ.

જિલ્લા પંચાયતના પ્રમુખે



વિકાસના કામો માટે આજે પ્રથમવાર અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને બે કલાકથી પણ વધુ સમય માટે આ સમીક્ષા ચાલી હતી. આજે યોજેલી સમીક્ષા બેઠકને લઈ તંત્રમાં પણ સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો. પ્રમુખે કામની ગતિને લઈ જે રીતે નારાજગી વ્યક્ત કરી છે તેણે ભારે ચર્ચા જગાવી છે.

વિકાસના કામો હવે વિલંબ નહિ સાંખી લેવાય તેવી સ્પષ્ટ ચીમકી પણ તેમણે અધિકારીઓને આપી હોવાનું જાણવા મળેલ છે.

# શિયાળાની મોસમ હવે જમાવટ તરફ : ચાર દિવસમાં પારો ૬ ડીગ્રી ગગડયો

## લઘુત્તમ તાપમાન ૧૨.૪ ડીગ્રી : દિવસનુ તાપમાન પણ ઘટીને ૩૧ ડીગ્રી : આગામી સપ્તાહમાં કાતિલ ઠંડી પડે તેવી સંભાવના

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં આ વખતે શિયાળાની મોસમનો મિજાજ શરૂઆતમાં થોડો ઉગ્ર જોવા મળ્યો હતો જયારે થોડા સમય અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે મોસમમાં અચાનક જ બદલાવ જોવા મળ્યો હતો. શહેરીજનો છેલ્લા એક સપ્તાહથી ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કરતા હતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. જો કે હવે ફરી એકવાર ઠંડીની મોસમ જમાવટ તરફ છે. છેલ્લા ચાર દિવસમાં ઠંડીનો પારો ૬ ડીગ્રી ગગડયો છે. જયારે ઠંડી વધવાની સાથે દિવસે ગરમીનો પારો પણ નીચે ઉતરી રહ્યો છે. ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ગગડયુ હતુ. ઠંડીમાં વધારો થયો હતો. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નીચે આવી જાય તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં ઉનાળા જેવી આકરી ગરમી બાદ હવે ઠંડીનો પારો ઉગ્ર થઈ રહ્યો છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી જાણે ઉનાળાની ગરમીના દિવસો ચાલી રહ્યા હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા હતા આકરી ગરમીના લીધે ઓફિસ અને ઘરોમાં દિવસના સમયે એસી અને પંખા ઓન થઈ જતા શિયાળાની મોસમ અદ્રશ્ય થઈ ગઈ હોય તેવો અહેસાસ નગરજનો થઈ રહ્યો હતો જો કે હવે ધીમે ધીમે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો છે. અગાઉ લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડીગ્રી સુધી ઉપર જતુ રહ્યુ હતુ જયારે છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનો પારો ગગડીને આજે ૧૨.૪ ડીગ્રી એ આવી જતા નગરજનો હવે ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડીગ્રી હતુ જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ગગડીને ૧૨.૪ ડીગ્રીએ આવી ગયો છે. જેના લીધે સવારે અને રાત્રિના સમયે રીતસર ઠંડી અનુભવાતી હતી અત્યાર સુધી ગરમ કપડા ફંગોળીને બિન્દાસ્ત ફરતા નગરજનો હવે ફરીથી ટોપી અને ગરમ સ્વેટરમાં જોવા મળી રહ્યા છે. જયારે ગરમીનો પારો પણ આજે એક ડીગ્રી નીચે ઉતર્યો હતો. મહત્તમ તાપમાન પણ આજે ૩૧ ડીગ્રી રહ્યુ હતુ. છેલ્લા ઘણાં સમયથી ઠંડી અદ્રશ્ય થઈ જતા ડિસેમ્બરના મધ્યમાં નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા હતા.

વારંવાર મોસમમાં આવતા બદલાવથી પણ જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે ફરી એકવાર ઠંડીનો પારો ઉંચકાતા આગામી દિવસોમાં હવે લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં જવાની સંભાવના છે. અગાઉ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૦. ૩ ડીગ્રી નોંધાયુ હતુ. ત્યારબાદ સતત ઠંડીનુ પ્રમાણ ઘટતા ઠંડી ગરમીના પારામાં સતત નોંધપાત્ર વધઘટ જોવા મળી છે.

નગરજનો હાલ જાણે બેવડી ઋતુ જેવો અહેસાસ કરી રહ્યા છે. જયારે છેલ્લા બે દિવસથી ઠંડીનુ જોર ધીમે ધીમે વધતા હવે શિયાળાની મોસમ ફરી એકવાર જમાવટ તરફ આગળ વધી રહી છે. ડિસેમ્બર મહીનો પણ અડધા ઉપર વિતી ગયો છે. ત્યારે હવામાન તજજ્ઞોના મતે ડિસેમ્બર અંતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે.

# શંકાસ્પદ કોરોના વેરિયન્ટના કેસને પગલે ગાંધીનગરમાં બેઠકોનો દૌર

## કોરોનાના વધુ એક વેરિયન્ટે ગુજરાતમાં દેખા દીધી : વેરિયન્ટની તપાસ માટે સેમ્પલો લેવામાં આવ્યા છે, એરપોર્ટ પર ચીનથી આવતા યાત્રીઓની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે

ગાંધીનગર, તા.૨૧

ચીન સહિત દુનિયાના કેટલાક દેશોમાં હવે કોરોનાએ ફરીથી માથુ ઉચક્યું છે ત્યારે હવે ભારત સરકાર સહિત ગુજરાત સરકાર એક્શનમાં પણ આવી જ ગઈ છે. પરંતુ આ બધાની વચ્ચે ચિંતા પણ સાથો સાથ વધી રહી છે. કોરોનાનો કહેર ફરી શરૂ થઈ ગયો હોય તેવું જણાઈ રહ્યું છે. કોરોનાના વધુ એક વેરિયન્ટે ગુજરાતમાં દેખા દીધી છે. ઓમીક્રોન BF7ના ૨ શંકાસ્પદ કેસ મળી આવ્યા છે.

રાજ્યમાં ફરી એક કોરાના ફફડાટ વધી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. કોરોનાનો વધુ એક વેરિયન્ટે ગુજરાતમાં દેખા દીધી છે. ઓમીક્રોન BF7ના ૨ શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. શંકાસ્પદ કોરોનાના કેસોને લઈ તંત્ર પણ અલર્ટ થયુ છે. અમદાવાદ અને વડોદરાના શંકાસ્પદ કેસની તપાસ શરૂ કરવામાં આવી છે. વેરિયન્ટની તપાસ માટે સેમ્પલો લેવામાં આવ્યા છે. એરપોર્ટ પર ચીનથી આવતા યાત્રીઓની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

શંકાસ્પદ કોરોનાના કેસોને લઈ તંત્ર અલર્ટ થયુ છે. અમેરિકાથી આવેલા ૬૧ વર્ષીય મહિલામાં BF7 વેરિયન્ટ મળ્યો છે. કોરોનાનો વેરિયન્ટ મળતા મહિલાને હોમ આઈસોલેટ કરાઈ છે. મહિલાએ ફાયઝરની રસી લીધી હતી છતા BF7 વેરિયન્ટ મળ્યો છે. સુભાનપુરા વિસ્તારની મહિલા ૧૧ નવેમ્બરે અમેરિકાથી વડોદરા આવી હતી. અમદાવાદ



અને વડોદરાના શંકાસ્પદ કેસની તપાસ શરૂ કરવામાં આવી છે. વેરિયન્ટની તપાસ માટે સેમ્પલો લેવામાં આવ્યા છે. એરપોર્ટ પર ચીનથી આવતા યાત્રીઓની સઘન તપાસ શરૂ કરાઈ છેકોરોનાની વધતી ચિંતાને લઈને ગાંધીનગરમાં બેઠક મળી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં હાલ કોવિડની સ્થિતિ, વેક્સિનેશન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી. વિશ્વભરમાં કોરોનાના વધતા જતા કેસોને કારણે ભારત સરકારે પણ કોરોના અંગે સમીક્ષા બેઠક બોલાવી હતી.

આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી મનોજ અગ્રવાલે આજે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, વિદેશી પ્રવાસીઓનુ ટેસ્ટિંગ અને ટ્રેસિંગ વધારાશે. આ સાથે દવાઓનો પર્યાપ્ત જથ્થો પહોચાડાશે. મનોજ અગ્રવાલે કહ્યું હતું કે, તમામ ઓક્સિજન પ્લાન્ટની ચકાસણી કરવા. કેન્દ્રની અડવાઈઝરીનુ

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં હવે વરસાદી પાણીનો ભરાવો થશે નહી

## સ્ટોર્મ વોટર લાઇનનુ કામ બાકી હોય તેવા પોકેટમાં નવી લાઇન નાંખી રીંગ રોડની મુખ્ય લાઇન સાથે જોડાણ આપવાની કામગીરી ચાલુ : સે- ૧ થી ૫ માં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરતા પુર્વે જળબંબાકાર થતા વિસ્તારમાં નવી લાઇન નાંખવામાં આવી રહી છે : જુના સેકટરોમાં પણ બાકી રહેતા પોકેટમાં કામ હાથ ધરાશે



ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં અગાઉ વરસાદી દિવસો દરમિયાન ઠેર ઠરે જળબંબાકારની સ્થિતિ જોવા મળતી હતી જયારે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ નેટવર્ક ઉભુ કરવાની કામગીરી પણ બાકી હતી જો કે હવે સેકટરોમાં મુખ્ય માર્ગો તેમજ રીંગ રોડ સહીતના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન ઉભી કરી દેવામાં આવી છે. જયારે હાલમાં સેકટરોમાં આંતરિક વિસ્તારમાં બાકી રહેતા પોકેટમાં વરસાદી પાણીનો નિકાલ થાય તે માટે અમુક ભાગમાં નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સે- ૧ થી ૫ માં માર્ગ રીસરફેસીંગની કામગીરી પુર્વે બાકી લાઈન નાંખવા કામ હાથ ધરાયુ છે. જેના લીધે હાલ સેકટરોમાં માર્ગો પણ ખોદાઈ ગયા છે. આ કામગીરી પાછળ અંદાજિત ૫ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરના સેકટરોમાં અગાઉ વરસાદી દિવસોમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળતી હતી જો કે બે તબક્કામાં અગાઉ શહેરના બાકી રહેતા સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હાલમાં પણ સેકટરોના આંતરિક વિસ્તારમાં કેટલાક ઠેકાણે વરસાદી પાણી ભરાતા ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોએ ઘરની બહાર નિકળવામાં પણ મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલનુ કામ પુર્ણ થયા બાદ બાકી રહેતા આંતરિક વિસ્તારમાં નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોય તેવા પોઈન્ટનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જયારે નવા સેકટરોમાં આગામી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

જયારે માર્ગ સુધારણા પુર્વે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન જયાં પણ બાકી હોય તેનુ કામ પુર્ણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના સે- ૧ થી ૫ માં આ મુજબ કામ શરૂ કરી દેવાયુ છે. હાલ સે-૩ સી માં પણ કામ ચાલી રહ્યુ છે. જો કે કામગીરી ચાલી રહી હોવાના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડને ખોદી નાંખવામાં આવતા સેકટરના આંતરિક માર્ગો પર ટ્રાફિકની અવરજવર પ્રભાવિત થઈ છે.

સુત્રોના જણાંવ્યા મુજબ પ્રથમ તબક્કામાં નવા સેકટરોમાં બાકી રહેતા વિસ્તારમાં નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે સેકટરોની સોસાયટી પાસેના વિસ્તારમાં લાઈન નાંખી રીંગ રોડ સાથેની લાઈનમાં જોડાણ આપવામાં આવશે. ત્યારબાદ જુના સેકટરોમાં પણ આ મુજબ કામ હાથ ધરાશે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે પણ સેકટરોના આંતરિક પોકેટમાં પાણીના ભરાવાની સમસ્યાથી છુટકારો મેળવવા માટે આ યોજના હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોએ પણ આ માટે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરી હતી. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# સારા વરસાદથી સંત સરોવરના ફ્રેન્ચ વેલમા પાણીનું સ્તર અડધો મીટર વધ્યું

## શહેરમાં પાણીની ખેંચ હોય ત્યારે સપ્લાય માટે લાઈન ભરવાના ઉપયોગમાં પણ લેવાય છે

ગત ચોમાસા દરમિયાન સાબરમતી નદી પર બાંધવામાં આવેલા સંત સરોવરમાં પાણીની આવક થતા જમીનમાં ઉતરતા નદીના પટ્ટમાં ગાળવામાં આવેલા પાતાળ કુવાઓના જળ સ્તરમાં વધારો થયો છે . ફ્રેન્ચ વેલ કહેવાતા આ કુવાઓમાં પાણીની સપાટી વધી છેઃ નોંધવું રહેશે કે ગરમીના દિવસોમાં નગરમાં પાણીની પોકારને ડામવા વિતરણની લાઈનો ભરવા માટે આ પાણી પણ ઉપયોગમાં લેવાય છે

લાંબા સમયથી નગરમાં પીવા માટે નર્મદાનું પાણી અપાય છે અને નર્મદા કેનાલ નેટવર્કમાંથી તેના માટે ૫૦ એમ એલડી પાણી મેળવવામાં આવે છે હવે ઠડીના દિવસો ચાલી રહ્યા છે , છતાં વિવિધ સેક્ટરમાંથી સમયાંતરે પાણી ઓછા ફોર્સથી મળી રહ્યાની ફરિયાદો ઉઠે છે. ત્યારે જુની વ્યવસ્થા સમયના સેક્ટરના બોર થોડો સમય માટે ચલાવીને પાણીના વિતરણની મેઈન લાઈન ભર્યા પછી ઉંચી ટાંકીઓમાંથી નર્મદાનું પાણી છોડવાથી ઓછા દબાણથી પાણી મળવાની ફરિયાદો ઉકેલી શકાય છે. શહેરમાં ૨૦૦૩ના વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com